આજથી ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ

જિલ્લાના ૪૪ હજાર વિદ્યાર્થીઓ હાજરી આપશે : ધો-૧૦માં ગુજરાતી, ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં નામાના મુળ તત્વો વિષયની પરીક્ષા આપશે : જિલ્લામાં ૧૫૪ પરીક્ષા કેન્દ્રો પર ૧૬૦૭ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા

ગાંધીનગર તા ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થશે. સે-૨૩ સ્થિત ગુરુકુલ વિદ્યાલય અને સે-૭ જે એમ ચૌધરી સ્કુલમાં શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણી તેમજ સે-૭ ચૌધરી સ્કુલ ખાતે મંત્રી કીર્તીસિંહ વાઘેલા હાજરી આપી વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવશે. કોવિડ કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે બે વર્ષના અંતે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવશે. જિલ્લામાંથી અંદાજિત ૪૪ હજાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં હાજરી આપશે. જિલ્લામાં કુલ ૧૫૪ પરીક્ષા કેન્દ્રો પર ૧૬૦૭ બ્લોકમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા શાંતિપુર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તકેદારીના પુરતા પગલા લેવાયા છે. પરીક્ષાના તમામ બ્લોકમાં સી સી કેમેરાની વોચ રહેશે જયારે કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવશે. કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ પરીક્ષાલક્ષી ઉત્તેજના જોવા મળી રહી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાનારી બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થશે. ગાંધીનગર જિલ્લામાંથી ૪૪ હજાર વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં હાજરી આપશે શહેરના સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલમાં સવારે ૯ કલાકે શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણી તેમજ સે-૭ ચૌધરી સ્કુલ ખાતે મંત્રી કીર્તીસિંહ વાઘેલા હાજરી આપી વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી પરીક્ષાની શુભેચ્છા પાઠવશે. કોવિડ કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે બે વર્ષના અંતે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી અંદાજિત ૪૪ હજાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં હાજરી આપશે. જિલ્લામાં કુલ ૧૫૪ પરીક્ષા કેન્દ્રો પર ૧૬૦૭ બ્લોકમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા શાંતિપુર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તકેદારીના પુરતા પગલા લેવાયા છે. પરીક્ષાના તમામ બ્લોકમાં સી સી કેમેરાની વોચ રહેશે જયારે કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવશે. કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ પરીક્ષાલક્ષી ઉત્તેજના જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓ તણાંવમુક્ત અને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પુરતી તૈયારી કરી દેવામાં આવી છે. જિલ્લાના તમામ પરીક્ષા સ્થળો પર સી સી કેમેરાની વોચ રહેશે જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ-૧ ના અધિકારીઓ પણ સ્કવોર્ડ તરીકે પરીક્ષા સ્થળો પર રાઉન્ડ લેશે. જિલ્લામાં કુલ ૧૫૪ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓની પરીક્ષાનુ આયોજન કરાયુ છે. જેમાં એસ સ સી માટે ૮૮ અને એચ એસ સી માટે કુલ ૬૬ કેન્દ્રો રહેશે. જિલ્લામાં કુલ ૧૬૦૭ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ધો -૧૦ માટે ૯૨૮ અને ધો -૧૨ માં ૬૭૯ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. આ તમામ બ્લોકમાં ૪૪ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. ધો -૧૦ના વિદ્યાર્થીઓ આજે પરીક્ષાના પ્રથમ દિવસે સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન ગુજરાતી વિષયની પરીક્ષા આપશે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ દિવસે બપોરે ૩ થી ૬ :૩૦ કલાક દરમિયાન ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાશે. જયારે સામાન્ય પ્રવાહમાં પણ પ્રથમ પેપર નામાના મુળ તત્વોનુ રહેશે. આ ઉપરાંત ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૪ પરીક્ષા કેન્દ્રોના ૨૩૩ બ્લોક તેમજ સામાન્ય પ્રવાહમાં ૧૭ કેન્દ્રોના ૪૨૪ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે.

પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની મુંઝવણ ન થાય તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કાઉન્સિલરોની પણ નિમણુંક કરવામાં આવી છે. વિદ્યાર્થીઓનો યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવા માટે કાઉન્સિલરોની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા સ્થળો આસપાસના વિસ્તારમાં પણ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે માટે પુરતો પોલીસ બન્દોબસ્ત સાથે જરૂરી આયોજન કરી દેવાયુ છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે પરીક્ષાને અનુલક્ષી કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત કરી દેવાયો છે. આ માટે નં ૨૩૨૨૦૩૧૪ પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાનુ આયોજન વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના : વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે કાઉન્સિલરોની નિમણુંક : પરીક્ષાને અનુલક્ષી કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત : પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ ઉપરાંત અધિકારીઓ પરીક્ષા સ્થળ પર સતત રાઉન્ડ લેશે

આકરા તાપમાં પરીક્ષા સ્થળો પર નંબર જોવા માટે બોર્ડના પરીક્ષાર્થીઓની ભીડ જોવા મળી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થવાનો છે. કોવિડના સમયમાં બે વર્ષના અંતે બોર્ડની કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે રવિવારે બોર્ડ પરીક્ષાના આગળના દિવસે શહેરના વિવિધ પરીક્ષા સ્થળોએ પરીક્ષાર્થીઓની ભીડ જોવા મળી હતી પરીક્ષાને અનુલક્ષી પોતાની બેઠક વ્યવસ્થા નંબર જોવા માટે આકરી ગરમીમાં પરીક્ષા સ્થળોએ વિદ્યાર્થીઓ અને વાલીઓની સતત ચહલ પહલ રહી હતી.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સોમવારથી શરૂ થનારી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આજે બોર્ડના પરીક્ષાર્થીઓ વિવિધ પરીક્ષા સ્થળો પર નંબર જોવા માટે પહોંચ્યા હતા. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૪૪ હજાર વિદ્યાર્થીઓ હાજરી આપવાના છે. ત્યારે પરીક્ષા સ્થળો પર આજે બપોરના સમયે ધમધમાટ જોવા મળ્યો હતો. વનરક્ષકની કસોટીના અંતે વિદ્યાર્થીઓ માટે નંબર જોવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાથી આકરી ગરમીમાં વિદ્યાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા જોવા માટે સેન્ટર પર પહોંચતા પરીક્ષા સ્થળો આસપાસ ભીડ જોવા મળી હતી. કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે જયારે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. એકબાજુ વનરક્ષકની કસોટી પુર્ણ થયા બાદ ઉમેદવારો પરીક્ષા સ્થળો પરથી બહાર નિકળ્યા હતા બીજીતરફ બોર્ડના પરીક્ષાર્થીઓ સોમવારથી પરીક્ષા આપવા માટે પોતાની બેઠક વ્યવસ્થા જાણવા ઉત્સુક નજરે પડયા હતા. જો કે ઉનાળાની ગરમીના દિવસો હોવાના લીધે બપોરનો આકરો તાપ વિદ્યાર્થીઓ માટે પરેશાનીનુ કારણ બન્યો હતો. શહેરના વિવિધ પરીક્ષા કેન્દ્રોના બ્લોક પર બેઠક વ્યવસ્થા જાણવા માટે વિદ્યાર્થીઓને લઇને વાલીઓ પહોંચી ગયા હતા. શહેરના શાળા સંકુલો આસપાસ બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન વિશેષ ચહલ પહલ જોવા મળી હતી.

જલ અભિયાન - કેચ ધ રેઇન-૨૦૨૨ અંતર્ગત

૨૯મીએ જિલ્લામાં ખાસ ગ્રામસભાઓ યોજાશે

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આ ગ્રામસભામાં લોકો સાથે સંવાદ અને ઉદ્‌બોધન કરનાર હોવાથી તંત્રએ તૈયારીઓ આરંભી

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૨૯મી માર્ચના રોજ દરેક ગામમાં ખાસ ગ્રામસભા જલ અભિયાનને લઈ યોજવા માટે સરકારે સૂચનાઓ જારી કરી છે.

જલ અભિયાન-કેચ ધ રેઈન-૨૦૨૨ અંતર્ગત આ ગ્રામસભાનું આયોજન કરવામાં આવનાર છે. આ ગ્રામસભા સવારે ૧૦ વાગે યોજવાની રહેશે. સવારે ૧૧ વાગે આ ગ્રામસભાઓને ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી દ્વારા આ વિષય પર સંવાદ અને ઉદ્‌બોધન કરવામાં આવનાર છે.

આ ગ્રામસભામાં મહત્તમ લોકો ભાગ લે અને પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓએ પણ હાજર રહેવાનું રહેશે. સરપંચો દ્વારા આ ગ્રામસભામાં ઉપસ્થિત લોકોને જળ શપથ લેવડાવશે. આ ગ્રામસભામાં જળ સંરક્ષણ તથા તેનુ આયોજન, જળસ્ત્રોતોનું મેપીંગ, પીવાના પાણીના સ્ત્રોતો, જળજીવન મિશન વિગેરે વિષયો પર ચર્ચા કરવાની રહેશે.

આ માટે ગ્રામસભાઓના સફળ આયોજન અંગે ગામવાર નોડલ અધિકારીઓની પણ નિયુક્તી કરવા અંગે સરકારે સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

રાજ્યમાં હાલ જળ સંચયને લઈ સુજલામ સુફલામ-પનું અમલીકરણ ચાલુ છે. ગામેગામ તળાવો ઊંડા કરવા, કોસની સફાઈ, નદી કિનારાઓની સફાઈ સહિતના કામો હાથ ધરવામાં આવ્યા છે.

તાજેતરમાં પંચાયત મહાસંમેલન મારૂ ગામ મારૂ ગુજરાત અંતર્ગત પ્રધાનમંત્રીએ પણ તેમના પ્રવચનમાં ગામે ગામ ખેડૂતો ખેત તલાવડીઓ બનાવે, વડ વન બનાવે તેમજ જળસ્ત્રોતોની સફાઈ સહિતની વાતો કહી હતી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લો એ ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં આવે છે અને છેલ્લા ચોમાસામાં ૨૧ ટકા વરસાદની ઘટ રહી છે ભૂગર્ભ જળ ઊંડા ગયા છે તેમજ જિલ્લાના કેટલાક ગામોમાં અત્યારથી જ પીવાના પાણીના પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. જે નોંધનીય છે.

વન રક્ષક ભરતી પરીક્ષાનું પેપર ફૂટતા ભારે રોષ

ગુજરાતમાં વધુ એક ભરતી પરીક્ષાનું પેપર ફૂટ્યું : મહેસાણાની ઉનાવાની મીરા દાતાર સર્વોદય વિદ્યાલયમાંથી વન રક્ષક પરીક્ષાનું પેપર ફૂટ્યું

અમદાવાદ, તા.૨૭

ગુજરાત રાજ્ય પેપર ફૂટવાનું હબ બન્યુ છે. ગુજરાતમાં હજી પણ ભરતી પરીક્ષાનું પેપર ફૂટવાનો સિલસિલો હજી પણ યથાવત છે. ગુજરાતમાં વધુ એક ભરતી પરીક્ષાનું પેપર ફૂટ્યું છે. વન રક્ષક ભરતી પરીક્ષાનું પેપર ફૂટ્યું છે. મહેસાણાની ઉનાવાની મીરા દાતાર સર્વોદય વિદ્યાલયમાંથી પેપર ફૂટ્યું છે. આજે લેવાયેલી વન રક્ષક પરીક્ષાનું પેપર ફૂટ્યું છે. જો આવુ ને આવુ ચાલતુ રહેશે તો ગુજરાતના વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનશે જ નહિ.

ગુજરાતની યુવા જનતા સરકારી નોકરીથી વંચિત રહી જશે, અને સરવાળે બેરોજગારી વધતી જશે. શું વિકસતા ગુજરાતમા આવુ ને આવુ ક્યા સુધી ચાલતુ રહેશે. અને પેપર ફૂટી જાય છે ત્યાં સુધી તંત્ર શું કરે છે.

ગુજરાતમાં સરકારી ભરતીની જાહેરાત થાય છે, વિદ્યાર્થીઓ મહેનત કરે અને પરીક્ષા આપે તે દિવસે જ સમાચાર આવે છે કે પેપર ફૂટ્યુ છે. એટલે તપાસ થાય છે અને પરીક્ષા રદ થાય છે. ફરી નવેસરથી પરીક્ષા લેવાની કાર્યવાહી થાય છે. ગુજરાતમાં છેલ્લાં ચાર વર્ષથી આ જ સિલસિલો ચાલી રહ્યો છે. સરકારી નોકરી માટે વિદ્યાર્થીઓ મહામહેનતે પરીક્ષા આપે છે, અને ત્યાં આવી શરમજનક ઘટના બને છે. મહેસાણાની ઉનાવા મીરા દાતાર સર્વોદય વિદ્યાલયમાં જે પેપર ફૂટ્યુ છે, તેમાં લેટર પેડ પર એ જ સવાલો છે, જે પરીક્ષામાં પૂછાયેલા છે. ત્યારે આખરે આ પેપર આવ્યુ ક્યાંથી. પેપર નહિ, વિદ્યાર્થીઓનુ ભવિષ્ય ફૂટ્યુ છે. વિદ્યાર્થીઓએ જે મહેનત કરી તેનુ શું. જો આવુ જ ચાલતુ રહેશે તો પરીક્ષા પરથી વિદ્યાર્થીઓનો વિશ્વાસ ઉઠી જશે.

ઉલ્લેખનીય છે કે, આજે રાજ્યમાં વન રક્ષક - વર્ગ ૩ ની પરીક્ષા યોજાઈ હતી. કુલ ૩૩૪ જગ્યાઓ માટે પરીક્ષાનું આયોજન કરાયુ હતું. વર્ષ ૨૦૧૮ માં ભરતી માટે રાજ્યભરમાંથી અંદાજે ૪.૯૭ લાખ ઉમેદવારોએ પરીક્ષા માટે ફોર્મ ભર્યા હતા. આર્થિક અનામતના વિવાદને કારણે અગાઉ પરીક્ષા સ્થગિત રખાઈ હતી. આખરે ફોર્મ ભરાયાને ૪ વર્ષ વીત્યા બાદ આજે લેખિત પરીક્ષા યોજાઈ હતી. અમદાવાદમાં અંદાજે ૫૨ હજાર ઉમેદવારો પરીક્ષા આપી હતી. લેખિત કસોટી બાદ ઉમેદવારોની શારીરિક કસોટી લેવાની હતી, તે પહેલા જ પેપર ફૂટવાની ઘટના બની છે.

શહેરના જાણીતા સંગીતજ્ઞ સુરેન્દ્રભાઈ બક્ષીનું અવસાન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના વરિષ્ઠ સંગીતકાર સુરેન્દ્ર બક્ષીનું નિધન થતાં શહેરના સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભારે શોકની લાગણી પ્રસરી હતી.



બાકી રાહે બા શાસ્ત્રીય સંગીતના ખૂબ મોટા ગજાના કલાકાર હતા. આ ઉપરાંત શાસ્ત્રીય ગાયક અને આધ્યાત્મિક ચિંતક હોવાના નાતે તેમની નામના ગાંધીનગર અને સમગ્ર ગુજરાતમાં પ્રસરી હતી.

ગાંધીનગરના સાંસ્કૃતિક જગતમાં બક્ષી સાહેબનું નામ ખૂબ જ આદરપૂર્વક લેવાતું હતું. અવસર કલા કેન્દ્ર અને શિવરંજની દ્વારા સુરેન્દ્રભાઈ બક્ષીનું વિશિષ્ટ પ્રતિભા અંતર્ગત સન્માન કરાયું હતું. શહેરના અગ્રણી કલાકારો અને કલા સંસ્થાના અગ્રણીઓએ બક્ષી સાહેબને અંજલિ આપતા ગાંધીનગરને મોટી ખોટ પડ્યાનું જણાવ્યું હતું.

નિરંતર વિકાસના ધ્યેયોમાં રાજ્યની સરેરાશ કરતા નબળી કામગીરી કરનાર વિભાગોની બેઠક

નિરંતર વિકાસ ધ્યેય અંગે સરકારે ૧૭ જેટલા લક્ષ્યાંકો નિયત કરેલા છે આ ૧૭ લક્ષ્યાંકો માટે ૧૪૯ જેટલા ઈન્ડિકેટર આપવામાં આવ્યા છે. જે પૈકી જિલ્લામાં ૬૦ થી વધુ ઈન્ડિકેટરમાં નબળી કામગીરી જણાઇ

ગાંધીનગર, તા. ૨૭

નિરંતર વિકાસ ધ્યેય જે સરકાર દ્વારા તેના નિયત કરવામાં આવ્યા છે આ લક્ષ્યાંકોમાં રાજ્યની સરેરાશ કરતાં પણ જિલ્લામાં નબળી કામગીરી કરનાર વિભાગોની આજે જિલ્લા વિકાસ અધિકારીએ ખાસ બેઠક યોજી છે.

મળતી વિગતો પ્રમાણે નિરંતર વિકાસ ધ્યેય અંગે સરકારે ૧૭ જેટલા લક્ષ્યાંકો નિયત કરેલા છે આ ૧૭ લક્ષ્યાંકો માટે ૧૪૯ જેટલા ઈન્ડિકેટર આપવામાં આવ્યા છે. જે પૈકી જિલ્લામાં ૬૦ થી વધુ ઈન્ડિકેટરમાં નબળી કામગીરી જણાઇ છે.

જિલ્લા વિકાસ અધિકારીએ નબળી કામગીરી કરનારા વિભાગોને લક્ષ્યાંક સિદ્ધિ માટે તૈયાર કરવામાં આવેલા રોડમેપ અને તે બાબતના પાવર પોઈંટ પ્રેઝન્ટેશન સાથે આવવા જણાવાયુ છે.

જિલ્લામાં આરોગ્ય, શિક્ષણ, ખેતીવાડી વિભાગની કામગીરી નબળી જોવા મળી રહી છે. જિલ્લામાં ખાસ કરીને સ્ત્રી જન્મદરમાં નોંધાયેલો ઘટાડો એ મોટી ચિંતાનો વિષય છે. જિલ્લામાં ૧૦૦થી પણ વધુ ગામોમાં પુરૂષ જન્મદર કરતાં સ્ત્રી જન્મદર ઓછો જણાયો છે. જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતી, જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન તેમજ ખેડૂતો ખાતેદારોને બેંકિંગ સેવાઓ સાથે સાંકળવામાં ઓછી કામગીરી જણાઈ છે.

નિરંતર વિકાસના ધ્યેયો માટે જિલ્લા કલેક્ટર કચેરીમાં થોડા સમય અગાઉ જ સમીક્ષા બેઠક થઈ હતી અને કલેક્ટરે પણ વિભાગોને કામગીરી સઘન બનાવવા માટેની સૂચનાઓ આપી હતી. કોરોના મહામારીને કારણે નિયમિત ડેટા એન્ટ્રીઓમાં પણ થોડોક વિલંબ થયો હોવાની બાબતો ધ્યાને આવી હતી.

વડનગરા નાગર દુઃખદ અવસાન



શ્રી સુરેન્દ્રભાઇ ભૂપતરાય બક્ષી, નિવૃત્ત નાયબ સચિવ (નાણા વિભાગ, ગુજરાત સરકાર)નું તા. ૨૬/૩/૨૦૨૨ના રોજ ગાંધીનગર મુકામે દેહાવસાન થયેલ છે.

સદ્‌ગતની પ્રાર્થના સભા

તા. ૨૮/૩/૨૦૨૨, સોમવારના દિવસે સાંજના ૬-૦૦ થી ૭-૦૦ દરમિયાન એમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

નિવાસસ્થાન : ૧૨૫૮/૨, સેક્ટર-૭/ડી, ગાંધીનગર - ૩૮૨૦૦૭

પદ્મજા - જયેશ
નમિતા - મુકેશ
ધાત્રી - સુનીલ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com